ઈન સાઈડ સ્ટોરી

# ઈતિહાસ રચાશે : શ્રી કમલમ્-અરવલ્લી આજે ભાજપ કાર્યકરોને સમર્પિત થશે

## સંગઠન પ્રમુખ એકપણ રૂપિયો જાતે સ્વીકાર્યો નથી, ૪ મહિનાથી પૂરી ઉંઘ લીધી નથી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લાના લાખો ભાજપના કાર્યકર્તાઓના સ્વપ્ન બનેલા શ્રી કમલમ્-અરવલ્લીનું આજે શુક્રવારે મોડાસામાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે લોકાર્પણ અને કાર્યકરોને સમર્પિત થવાનું છે. જિલ્લાથી પ્રદેશ સુધીના તમામ સંગઠન હોદ્દેદારો અને નેતાઓમાં ખુશાલી છવાઈ છે પરંતુ તેની ઈન સાઈડ સ્ટોરી પણ જાણવા જેવી છે. સામાન્ય કાર્યકર્તાથી શરૂઆત કરી અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના કાંટાળા તાજ સુધી પહોંચેલા રાજેન્દ્ર જેઠાભાઈ પટેલે રૂા.૩ કરોડના અંદાજીત ખર્ચથી તૈયાર થયેલા કાર્યાલયના નિર્માણ માટે લોકો, વેપારીઓ, કાર્યકર્તાઓ પાસે જઈને દાન મેળવ્યું છે પરંતુ એકપણ રૂપિયો જાતે સ્વીકાર્યો નથી, તેમના વિરોધીઓ ગમે તેવા આક્ષેપ કરવા માટે પંકાયેલા છે તે જોતાં તેમનો આ નિર્ણય યોગ્ય છે. શ્રી કમલમ્-અરવલ્લીના નિર્માણ માટે તેમને કરેલી મહેનત અને જે ભોગ આપ્યો છે તેને દાયકાઓ સુધી કાર્યકરો અને ભાજપના શુભેચ્છકો ક્યારેય ભૂલશે નહીં. ૨ મહિના અગાઉ જાહેર કર્યું હતું કે દેવ દિવાળીના દિવસે શ્રી કમલમ્-અરવલ્લીનું લોકોર્પણ કરાશે અને તે ઘડી આજે આવી ચૂકી છે. રાજેન્દ્ર પટેલે સમયસર કાર્યાલયના નિર્માણ માટે પારિવારીક પ્રસંગોને પણ બાજુમાં મૂકી સતત રાત-દિવસના ઉજાગરા કર્યા છે. ૪ મહિનાથી પૂરી ઉંઘ પણ લીધી ન હોવાનું તેમના નિકટના સૂત્રોએ જણાવ્યું છે.

ભાજપ કાર્યકરોનો પક્ષ છે નહીં કે આગેવાનોનો. અનેક લોકોએ પક્ષ માટે જાત ઘસી નાખી છે ત્યારે નાનું મોટું પદ મળતું હોય છે ને ક્યારેક કોઈને જાતિવાદ સમીકરણ કે પછી કિસ્મતના કારણે આપો આપ મોટું પદ મળતું હોય છે. ભાજપનો કાર્યકર ક્યારેય સામાન્ય હોતો નથી. અરવલ્લી જિલ્લા ભાજપના ૮ મંડલમાં આવેલા અનેક ધૂરંધરો અને અન્ય જિલ્લાના આગેવાનોએ રાજેન્દ્ર પટેલ સંગઠન પ્રમુખ ન બને ત્યાંથી માંડી પ્રમુખ બન્યા પછી પણ તેમને બદનામ કરવામાં કોઈ કસર છોડી ન હતી પરંતુ જેનું કોઈ ન હોય તેને કુદરત મદદ કરતી હોય છે તે ઉક્તિ અનુસાર પ્રચંડ પુરૂષાર્થના કારણે અરવલ્લી જિલ્લામાં ઉત્તર ગુજરાતનું સૌથી વધુ મજબૂત સંગઠન રચાયું. દરેક સમાજ-જ્ઞાતિને સંગઠનમાં સ્થાન મળ્યું છતાં પણ ડગલે ને પગલે જેમને વાંકુ પાડવું હતું તેમને પ્રદેશ કક્ષાએ જઈ રાજેન્દ્ર પટેલને નિમ્ન કક્ષાના ચિતરવામાં કોઈ કસર છોડી નથી. માંડે..માંડે પણ સંગઠનને જ જણાયું કે અરવલ્લી



જિલ્લામાં ભાજપ સંગઠન પ્રમુખ તરીકે સાચા અર્થમાં કોહીનૂર નિયુકત કરાયો છે. છેલ્લા કેટલાય સમયથી શ્રી કમલમ્-અરવલ્લી ક્યારે તૈયાર થશે તેની ચર્ચાઓ ચાલતી હતી પરંતુ રાજેન્દ્ર પટેલે સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં ફતેહ અપાવ્યા પછી અરવલ્લી જિલ્લામાં અતિભવ્ય શ્રી કમલમ્-અરવલ્લી તૈયાર કરી સૌથી સફળ સંગઠન પ્રમુખ તરીકેની ચિરસ્થાયી છબી ઉભી કરી છે તેમ છતાં અદના કાર્યકર રાજેન્દ્ર પટેલે શ્રી કમલમ્-અરવલ્લીના લોકાર્પણનો શ્રેય તમામ કાર્યકરો અને સંગઠન ટીમને આપ્યો છે. જ્યારે પોતાના વિરોધીઓ સારૂ કામ થયા પછી પણ કાદવ ઉછાળશે તેવી અગમચેતી રાખી શ્રી કમલમ્-અરવલ્લીના નિર્માણ માટે રોકડ કે ચેકથી જે કોઈ દાન મળ્યું તે તેમને ક્યારેય હાથો હાથ સ્વીકાર્યું નથી. સંગઠનની નિયુક્ત કરેલ ટીમ દ્વારા જ સ્વીકારવામાં આવ્યું છે. તેઓએ પોતાની છબી સાથે ભાજપની છબી પણ ન ખરડાય તેની ખાસ ચીવટ રાખી છે. આવનારા દિવસોમાં વિરોધીઓ તેમને ખોટા ચિતરવાના પ્રયાસ કરશે ખરા પરંતુ જે કાર્યકરે પરિવાર, સમાજ, મિત્રોના પ્રસંગોમાં પણ હાજરી આપવાના બદલે માત્ર ભાજપના કાર્યાલય નિર્માણમાં પોતાની જાત ખર્ચી નાખી છે તે જ ભાજપના અદના પ્રમાણિક કાર્યકરની સાચી ઓળખ છે.

## કાર્યાલયના નિર્માણમાં પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવરનું યોગદાન

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લીના વડામથક મોડાસામાં અંદાજીત રૂા.૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ શ્રી કમલમ્ અરવલ્લી કાર્યાલયનું આજે દેવદિવાળીના દિવસે લોકાર્પણ થવાનું છે ત્યારે જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવરનું યોગદાન પણ કાર્યકરોએ યાદ કર્યું છે. જમીન ખરીદી અને ત્યાર પછી ખાત મુહર્ત કરવામાં આવ્યું હતું ત્યારબાદ તત્કાલિન સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભીએ પણ કાર્યાલયના નિર્માણ માટે નોંધનીય પ્રયત્નો કર્યા હતા. વર્તમાન સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલને કાર્યાલય લોકાર્પણનો શ્રેય મળ્યો છે તેમને અને તેમની ટીમે સતત દિવસ-રાત ખડે પગે રહેવાની સાથે ભુખ-તરસ સહન કરીને કાર્યાલયનું યુદ્ધના ધોરણે નિર્માણ કરાવ્યું છે. તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા પૂર્વ ધારાસભ્ય ડાં.મહેન્દ્રભાઈ એસ. પટેલ(બાયડ) દ્વારા કાર્યાલયનું નિર્માણ કાર્ય શરૂ થયું ત્યાંથી પૂર્ણ ન થાય ત્યાં સુધી દર મહિને રૂા. ૨૫,૦૦૦નું યોગદાન આપી પક્ષ પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્ર પ્રત્યેનું દાયિત્વ નિભાવ્યું છે.



# બાયડ શહેર સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહમિલન સંમેલન યોજાયું...

## સમાજ સંગઠીત બને... શિક્ષણ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા આહવાન

બાયડ, તા. ૧૮

બાયડ શહેર બ્રહ્મસમાજનું દિવાળી-નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ બુધવારે વૈજનાથ મહાદેવ મંદિરમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બ્રહ્મસમાજના પરીવારની હાજરીમાં યોજાઈ ગયો. સમાજ વધુ સંગઠીત બને, સમાજમાં યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં કેવી રીતે સારી સફળતા મેળવે તેના આયોજન તેમજ શિક્ષણ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા આહવાન કરવામાં આવ્યું હતું. બાયડ શહેર બ્રહ્મસમાજ પ્રમુખ, રાજ્યકક્ષા કારોબારી સભ્ય રાજુભાઈ પુરોહીત અને તેમની ટીમની આગેવાનીમાં સમાજનું ત્રીજુ સંમેલન યોજવામાં આવ્યું હતું.

કોરોનાના કારણે ગત વર્ષે બાયડ શહેર બ્રહ્મસમાજનું સ્નેહમિલન મુલત્વી રહ્યુ હતુ. કોરોના સંક્રમણ ઉપર અંકુશ આવ્યા પછી તા. ૧૭ના રોજ બાયડ શહેર સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહમિલન યોજાયું જેમાં બાયડમાં વસવાટ કરતા સમાજના તમામ બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ રાજુભાઈ પુરોહિતે તમામ બાંધવોને આવકાર્યા હતા તેમજ કોરોનાથી મૃત્યુ પામેલા સમાજના બાંધવો, બાયડના અન્ય સમાજના કોરોનામાં મૃત્યુ પામેલા સદ્‌ગતોને શ્રદ્ધાંજલિ આપી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શિક્ષીત સમાજ ઉંચા મુકામ હાંસલ કરી શકે છે સમાજની યુવક-યુવતીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રતિભાશાળી દેખાવ કરી સરકારી નોકરીઓમાં વધુને વધુ સ્થાન મેળવે તે માટે ચિંતન કરવાની સાથે સમાજની એકતા અને અખંડીતતા માટે સૌ સંકલ્પ બદ્ધ બન્યા હતા. સમાજના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે મળેલા સૂચનો પણ નોંધવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપ પ્રમુખ તથા ગુજરાત બ્રહ્મસમાજના પ્રદેશ સંગઠન મંત્રી રાજન જોષી, અતુલભાઈ જોષી, તરૂણ ભટ્ટ, નિરંજન જોષી, મયુર પુરોહિત, અતુલ મહેતા, મહેશ ઉપાધ્યાય, હિતેશ પુરોહિત સહીત બ્રહ્મસમાજના આગેવાનો-મહીલાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ સૌએ ભોજન લીધુ હતુ.




# ભિલોડા-શામળાજી પંથકમાં માવઠાથી ખેડૂતોની ઉંઘ હરામ

બાયડ, તા. ૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૨૪ કલાકથી હવામાન પલ્ટાવ પછી ગુરૂવારે ભિલોડા-શામળાજી પંથકમાં કમોસમી માવઠાથી ખેડૂતોની ઉંઘ હરામ થઈ છે, લગ્નના અવસર, ઘરે માંડવા રોપાયા અને ભોજન તૈયાર થયાં ત્યાં માવઠાની વિલનગીરીથી યજમાનોના શ્વાસ અદ્ધર થઈ ગયા છે.



દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બર-જાન્યુઆરીમાં કમોસમી માવઠા ખેડૂતોને પીડા આપી રહ્યા છે. જ્યારે આ ત્રણ મહીના દરમ્યાન યોજાતા લગ્નોમાં પણ વિઘ્ન આવતું હોય છે. અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનની અસરથી રાજ્યમાં કમોસમી માવઠાં શરૂ થયાં છે. અરવલ્લી જિલ્લામાં માવઠાની સંભાવના નહીંવત હોવા છતાં પાછલા ૨૪ કલાકથી વાતાવરણમાં પલ્ટાવ આવ્યો અને ગુરૂવાર સવારે કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠુ વરસતાં મગફળી, મકાઈ, તુવર સહીતનો તૈયાર પાક ભિજાતાં ખેડૂતોની દશા બેઠી છે. જ્યારે અનેક વેપારીઓએ ખરીદેલી ખેદપેદાશ ભીંજાઈ જાય તેવી સંભાવના છે. જિલ્લા વહીવટીતંત્રએ કમોસમી માવઠાથી ખેડૂતો-વેપારીઓને સાવધ કરવા સાથે માલ ભિજાય ન જાય તે માટે જરૂરી તકેદારી રાખવા પણ જણાવ્યું હતું. તેમ છતાં અનેક ખેડૂતો આ મુદ્દે નિષ્ક્રીય રહેતાં કમોસમી માવઠાથી શામળાજી પંથકમાં કેટલાક ખેડૂતોને અંશતઃ નુકશાનની સંભાવના છે.

